# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

## જા.ક્ર. ૨૦૯/૨૦૨૨૨૩ – વર્ક આસીસ્ટન્ટ,વર્ગ–૩ ના

## ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી માટે અગત્યની જાહેરાત

મંડળની જા.ક્ર. **૨૦૯/૨૦૨૨૨૩ –** વર્ક આસીસ્ટન્ટ, વર્ગ–૩ સંવર્ગની સ્પર્ધાત્મક લેખિત કસોટીને અંતે ઉમેદવારોએ મેળવેલ ગુણના મેરીટસ આધારે પસંદગી યાદીમાં સમાવવાપાત્ર સંભવિત ઉમેદવારો કે જેઓને અસલ પ્રમાણપત્રોની ચકાસણીનો કાર્યક્રમ તા.૧૦/૦૧/૨૦૨૪ થી શરૂ થવા બાબતની અગત્યની જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી.

સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮/૦૧/૨૦૨૪ ના પરિપત્રથી Vibrant Gujarat Summit 2024 ના આયોજનનાં કારણે તા.૧૦/૦૧/૨૦૨૪ ના રોજ ગાંધીનગર સ્થિત તમામ કચેરીઓ બપોરે ૧૨:૦૦ કલાકે શરૂ કરવા અંગેની સૂચનાઓ પ્રસિદ્ધ કરેલ છે. સરકારશ્રીની ઉક્ત સૂચના ધ્યાને લઇ **તા.૧૦/૦૧/૨૦૨૪ ના રોજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી માટે બોલાવેલ ઉમેદવારોને અગવડતા ન પડે તે હેતુથી તા.૧૦/૦૧/૨૦૨૪ ના રોજ બોલાવેલ ઉમેદવારોને તા.૧૯/૦૧/૨૦૨૪, શુક્રવારના રોજ Sr. No. 1 થી 100 પરના ઉમેદવારોને સવારે ૧૦:૦૦ કલાકે તથા Sr. No. 101 થી 200 પરના ઉમેદવારોને બપોરે ૧૪:૦૦ કલાકે** અસલ પ્રમાણપત્રોની ચકાસણી માટે બોલાવવાનો મંડળે નિર્ણય લીધેલ છે.

Sr. No. 201 પછીના ઉમેદવારોએ નિર્ધારીત તારીખ અને સમયે પ્રમાણપત્રોની ચકાસણી માટે હાજર રહેવા જણાવવામાં આવે છે

અસલ પ્રમાણપત્રોની ચકાસણી માટેનું સ્થળ: **કમિટિ હોલ, ચોથો માળ, બ્લોક નં.૨,**
**કર્મયોગી ભવન, સેક્ટર–૧૦ એ, ગાંધીનગર.**

સ્થળઃ ગાંધીનગર

તારીખઃ ૦૮/૦૧/૨૦૨૪

(હસમુખ પટેલ)
સચિવ